**ડી. જી. રામચંદાણી**
**મુખ્ય ઈજનેર**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
જલસેવા ભવન, એરફોર્સની સામે, સેક્ટર-૧૦ એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૯૯૭૮૪૪૧૧૦૧-૦૫, ફેક્સ : ૦૭૯ ૨૩૨ ૨૫૯૭૨-૭૯
E-mail : gwssb.monicell@gmail.com, setechcell@gmail.com

જા.નં./ટેકસેલ/પાઈઝ વેરીએશન/એક્સેસ-એક્સ્ટ્રા/ ૧૨૪૯ તા.૩૦/૧૧/૨૦૨૧

# પરિપત્ર

વિષયઃ- ટેન્ડરમાં પાઇપના જથ્થાના વધારા તેમજ વધારાની બાબત પર પ્રાઇઝ વેરીએશન આપવા અંગે.

સંદર્ભઃ-
૧. બોર્ડ કચેરીના પરિપત્ર ક્રમાંક: ટેકસેલ/ટેંડર ક્લોઝ ફેરફાર/પરિપત્ર/૨૪૪, તા.૧૧/૦૨/૨૦૨૧
૨. તા.૩૦/૧૦/૨૦૨૧ના રોજ મળેલ ૨૯૦મી બોર્ડ બેઠકની કાર્યાવાહી નોંધ
૩. બોર્ડ કચેરીના પરિપત્ર ક્રમાંક: ટેકસેલ/ટેંડર ક્લોઝ ફેરફાર/પરિપત્ર/૧૨૧૧, તા.૧૬/૧૧/૨૦૨૧
૪. બોર્ડ કચેરીના પરિપત્ર ક્રમાંક: ટેકસેલ/ટેંડર ક્લોઝ ફેરફાર/પરિપત્ર/૧૨૧૪, તા.૧૭/૧૧/૨૦૨૧
૫. મુખ્ય વહીવટી અધીકારીશ્રીના પત્ર ક્રમાંક:મુવઅ/બીએમ-૨૯૦/કાર્યવાહીનોંધ/ઠરાવ-૯/ સુધારો/૧૦૮, તા.૩૦/૧૧/૨૦૨૧

**પ્રસ્તાવનાઃ-**

પાણી પુરવઠા બોર્ડના ટેન્ડરોની જોગવાઇ મુજબ જો પાઇપના જથ્થામાં વધારો થાય અથવા પાઇપના આઇટમની વધારાની બાબત હોય તેવા કિસ્સામાં પ્રાઇઝ વેરીએશન મળવા પાત્ર થતું નથી. કામના અમલીકરણ વખતે પાઇપના જથ્થામાં વધારો તેમજ ઘટાડો થવાની સંભાવના રહે છે તેમજ અમુક કિસ્સાઓમાં ટેન્ડરમાં જે પાઇપની જોગવાઇ ન હોઇ, એવા પાઇપો પણ કામનું અમલીકરણ કરવા માટે ખરીદવાની જરૂરીયાત ઉપસ્થીત થતી હોય છે.

પાઇપોમાં વેરીએશનનો આધાર તેમના રો-મટીરીયલ જેવા કે, પીવીસી રેઝીન, એચ.ડી.પી.ઈ. રેઝીન, એમ.એસ. કોઇલ તેમજ પીગ આયર્ન હોય છે. આ રો-મટીરીયલના ભાવોમાં સતત વધારો ઘટાડો થવાથી પાઇપોમાં પ્રાઇઝ વેરીએશન વધારાના જથ્થા માટે તેમજ વધારાની બાબત માટે આપવું જરૂરી છે. આ અંગે ક્ષેત્રિય કચેરીઓના સૂચન મુજબ બોર્ડ સભ્ય મંડળની બેઠક નં. ૨૯૦ તા.૩૦/૧૦/૨૦૨૧માં ટેન્ડરમાં પાઇપના જથ્થાના વધારા તેમજ વધારાની બાબત પર પ્રાઇઝ વેરીએશન આપવા અંગે મંજુરી આપવાનું ઠરાવેલ છે.

પ્રાઇઝ વેરીએશનનો અમલ વધારાના જથ્થા અને વધારાની બાબત માટે હવે પછીના નવા ટેન્ડરોમાં શરતો સાથે જોગવાઇ કરી અમલવારી કરવા સંદર્ભ-૩ હેઠળ કરેલ પરિપત્ર સંદર્ભ-૪ હેઠળના પત્ર મુજબ રદ કરવામાં આવેલ છે. તા.૩૦/૧૦/૨૦૨૧ના રોજ મળેલ બોર્ડ સભ્ય મંડળની ૨૯૦મી બોર્ડ બેઠકની સંદર્ભ-૫ હેઠળની કાર્યવાહી નોંધના સુધારા મુજબ ટેન્ડરમાં પાઇપના જથ્થાના વધારા તેમજ વધારાની બાબત પર પ્રાઇઝ વેરીએશન આપવા અંગે અમલીકરણ કરવાનું રહે છે.

પરિપત્ર-

પ્રાઇઝ વેરીએશનનો અમલ વધારાના જથ્થા અને વધારાની બાબત માટે હવે પછીના નવા ટેન્ડરોમાં નીચે મુજબની શરતો સાથે જોગવાઇ કરી અમલવારી કરવાની રહેશે.

શરતો:-

૧. જમીનની ઉપલબ્ધતા અને ટેકનિકલ કારણોસર હેડવર્કસનું સ્થાન બદલવાને કારણે.

૨. ગામોની સંખ્યામાં વધારો થવાને કારણે

૩. પાઈપલાઈનની પથરેખામાં ફેરફાર થવાને કારણે

૪. પાઈપલાઈનના વ્યાસમાં ફેરફાર થવાને કારણે

૫. ટેન્ડરના BOQ માં દર્શાવેલ તમામ પ્રકારની પાઇપલાઇનની કુલ લંબાઈના ૧૦%સુધી પ્રાઈઝ વેરીએશનની મંજૂરી આપવામાં આવશે અને જે ઉપર જણાવેલ શરતોને આધીન રહેશે.

આ બાબતે ઉપરોક્ત ટેન્ડર ક્લોઝમાં સુધારાની બાબતનું સરખામણી પત્રક માર્ગદર્શીકા તરીકે આ સાથે સામેલ છે.

(ડી. જી. રામચંદાણી)
મુખ્ય ઈજનેર

બિડાણ: સરખામણી પત્રક

નકલ સાદર રવાના પ્રતિ,

- માન. સચિવશ્રી (પા.પુ), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં- ૭, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- માન. સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં- ૭, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કાર્યકારી અધિકારીશ્રી, વાસ્મો, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧, વડોદરા, ઝોન-૨, અમદાવાદ, ઝોન-3, રાજકોટ, ઝોન-૪, કચ્છ-ભૂજ, ઝોન- ૫, જુનાગઢ.
- પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, અર્બન સેલ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર.
- ચીફ જનરલ મેનેજરશ્રી (પ્રોજેક્ટ), જી.ડબલ્યુ.આઈ.એલ., ગાંધીનગર
- માસ્ટર ફાઇલ.

| Prevailing | Revision |
|---|---|
| **(CLAUSE-59) Price Variation Clause:**<br>For Excess and Extra items price variation shall not be applicable. | **(CLAUSE-59)**<br>Price variation on all type of pipes in case of Excess and Extra Item shall be payable/ recoverable subject to below mentioned conditions.<br>1. Excess due to shifting of location of the Head works as per availability of land and technical reasons.<br>2. Due to increase in number of villages<br>3. Due to change in alignment of the pipeline<br>4. Excess/ Extra item due to change in type of pipes.<br>5. Price variation shall be allowed up to increase of 10% of overall length of all types of pipelines mentioned in BOQ of the tender and subject to conditions mentioned above. |